**ફોજદારી કેસ નંબર : ૩૫૦૧/૨૦૨૫**

**જુનાગઢ ના મહે. બીજા એડી.ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, મુકામ : જુનાગઢ**

## આંક–૧ લગત હુકમ

**ગુન્હો :– જુગાર ધારા કલમ ૧૨ મુજબ.**

**– :: ઠરાવ :: '–**

(૧) ફરીયાદપક્ષનાં કેસની ટુંક હકીકત એવી છે કે, આ કામના આરોપીઓએ ખુલ્લી જગ્યામા પોતાના અંગત ફાયદા સારૂ પત્તા પાનાનો જુગાર રમી રમતાં રેડ દરમ્યાન જુગારના સાધનો તથા મુદ્દામાલ સાથે પકડાઈ ગયેલ હોય તેમના વિરુધ્ધ જુગાર ધારા કલમ ૧૨ મુજબનો ગુન્હો કર્યાનું ચાર્જશીટ દાખલ કરેલ છે.

(૨) આરોપીઓ આજરોજ અદાલતમાં આરોપીં પ્રથમ તબકકે ગુન્હો કબુલાત પુરસીસ રજુ કરી ગુન્હો કબુલ કરેલ છે. આરોપીઓ સ્વૈચ્છાપૂર્વક ગુન્હો કબુલ કરેલ છે. કબુલાત પુરસીસથી જણાવે છે કે તેઓ કાયદાના અજ્ઞાન માણસ હોઈ અજ્ઞાનતાથી ગુન્હો થયેલ છે. જેથી દયા દાખવવા રજુઆત કરેલ છે.

(૩) સદરહું આરોપીઓને ગુન્હાની ગંભીરતા સમજાવવા છતાં ગુન્હાની કબુલાતને વળગી રહેલ છે. આરોપીઓએ જાણી બુજીને ગુન્હો કરેલ ન હોય, તેઓને સુધરવાની તક મળી રહે અને તેમણે કરેલ કૃત્યનો અહેસાસ થાય તે હેતુથી ન્યાયના હીતમાં નીચે મુજબ હુકમ કરુ છું.

**– :: હુકમ :: '–**

(૧) આ કામના આરોપીઓ (૧) જીલુબેન ડો.ઓ આરબભાઈ હિંગોળા, રહે. જુનાગઢનાને **બી.એન.એસ.એસ કલમ ૨૭૮** અન્વયે જુગાર ધારા કલમ ૧૨ ના ગુન્હામાં તકસીરવાન ઠરાવી પ્રત્યેક આરોપીએ રૂા.૨૦૦/– અંકે રુપિયા બસ્સો લેખે કુલ **રૂા.**૨૦૦/– (અંકે રૂપિયા બસો ) પુરાનો દંડ કરવાનો હુકમ કરવામાં આવે છે. આરોપી દંડ ન ભરે તો દિન–૩ ( ત્રણ ) ની સાદી કેદની સજાનો હુકમ કરવામાં આવે છે.

(૨)મુદ્દામાલ રોકડ સરકાર જમા કરવાનો તથા જુગારના સાધનોનો નાશ કરવાનો હુકમ કરવામા આવે છે.
(૩) આરોપીના ખત તથા જામીનખત રદ કરવામાં આવે છે.

હુકમ આજ રોજ તારીખ ૧૩ મી, માહે સપ્ટેમ્બર, સને ૨૦૨૫ ના રોજ નેશનલ લોક અદાલતની સ્પેશ્યલ સીટીંગમાં વાંચી સંભળાવી જાહેર કરવામા આવે છે.

(ગૌરવકુમાર સોમાભાઈ દરજી)

બીજા એડી.ચીફ જ્યુડી. મેજીસ્ટ્રેટ,જુનાગઢ
(જીજે ૦૧૪૭૫)

સ્થળ : જુનાગઢ
તારીખ :૧૩/૯/૨૦૨૫